**<u>કમિશનર શાળાઓની કચેરી,</u>**

**<u>વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ, સેકટર-૧૯,</u>**

**<u>ગુજરાત રાજ્ય, ગાંધીનગર</u>**

**<u>" મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના" અંતર્ગત વિદ્યાર્થીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન અને લોગ ઈન કરવા અંગેની વિગતવાર સુચનાઓ</u>**

---

શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના તા. ૦૭/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: સસઅ/૧૦૨૨/ના.બા./૧૯૨/ન થી ધોરણ-૧ થી ૫ માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં સળંગ અભ્યાસ કરી ધોરણ-૫નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકીના તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે રાજ્યમાં કાર્યરત તમામ બોર્ડ સાથે સંલગ્ન સ્વનિર્ભર માધ્યમિક શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વ-નિર્ભર શાળાઓમાં ધોરણ-૬માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજ્યના આવા તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને ધોરણ-૬ થી ૧૨ સુધી તેમના પસંદગી મુજબના સ્વનિર્ભર શાળાઓમાં અભ્યાસ માટે સ્કોલરશીપ આપવાની નવી 'મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરિટ સ્કોલરશીપ યોજના' અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૫ નો સળંગ અભ્યાસ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી ૩૦,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કોમન એન્ટ્રેસ્ટ ટેસ્ટ લેવામાં આવેલ અને તેની પ્રથમ મેરીટ યાદી જાહેર કરવામાં આવેલ છે. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાનું કામચલાઉ મેરીટ તૈયાર કરવા માટે **આ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓને તા. ૦૫/૧૦/૨૦૨૩ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી તા. ૧૧/૧૦/૨૦૨૩ ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી વેબસાઈટ http//gssyguj.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે.**

**<u>ઓનલાઇન અરજી માટેની સુચનાઓ</u>**

a) **http//gssyguj.in** પર લિંક ક્લિક કરી વેબસાઈટ ખોલવાની રહેશે. જેમાં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન માટેની લીંક પર ક્લીક કરી CTS આધાર યુઆઈડી નંબર (18 અંક) લખવાનો રહેશે. CTS આધાર યુઆઈડી નંબર (18 અંક) લખ્યા બાદ આપનું પુરૂ નામ આવશે.

b) **ત્યાબાદ** મોબાઈલ નંબર લખવાનો રહેશે. મોબાઈલ નંબર લખ્યા બાદ આપના મોબાઈલ નંબર ઉપર **OTP** આવશે. જે **OTP** લખવાનો રહેશે. પછી પાસવર્ડ સેટ કરી કેપચા નાખવાથી આપનું રજીસ્ટ્રેશન સફળતાપૂર્વક થઇ ગયું છે તેવો મેસેજ વેબસાઇટ પર જોવા મળશે.

c) રજીસ્ટ્રેશન થઇ ગયા બાદ લોગ ઈનમાં જઈ આપનો CTS આધાર યુઆઈડી નંબર (18 અંક) અને જે પાસવર્ડ સેટ કરેલ તે લખવાથી લોગ ઈન કરવાનું રહેશે. લોગ ઈન થવાથી આપને આપનું પુરૂ નામ જોવા મળશે.

d) આ યોજના અંગેની પરીક્ષાના ફોર્મ ભરતી વખેત જો ખોટી જન્મ તારીખ દર્શાવી હોય તો લોગ ઈન ના ફોર્મમાં સાચી જન્મ તારીખ, કુમાર/કન્યા, આપની કેટેગરી(એસ.સી/એસ.ટી./ ઓબીસી/ જનરલ/ઈ.ડબ્લ્યુ.એસ.) જેવી વિગતો લખવાની રહેશે.

e) આપના રહેણાકનો વિસ્તાર (Urban/Rural) પણ જોવા મળશે.

f) વિદ્યાર્થીએ ધોરણ-૧માં કઈ પ્રકારની શાળામાં અભ્યાસ કરેલ છે ? (સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ શાળા) તે દર્શાવી ધોરણ-૫ સુધી નો સળંગ અભ્યાસ કરેલ છે તે અંગે જે શાળામાં ધોરણ- ૧ થી ૫ નો સળંગ અભ્યાસ કરેલ હોય તે અંગે તે શાળાનો યુડાયસ નંબર લખવાનો રહેશે યુડાયસ નંબર (૧૧ અંક) લખવાથી શાળાનું નામ આવશે.

g) જે વિદ્યાર્થીઓ SC/ST કેટેગરીમાં આવતા હોય તેઓએ જાતિનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે.

h) ત્યારબાદ **Preview** માં આપના દ્વારા ભરેલ તમામ વિગતો જોવા મળશે અને Save & Submit કરવાથી આપની અરજી સબમીટ થઈ જશે. અને આપની અરજી સકળતાપૂર્વક સબમીટ થઈ ગયેલ છે તેવો મેસેજ વેબસાઈટ પર આવશે. ત્યારબાદ જો આપ આપની અરજીની પ્રિન્ટ કાઢવા માંગતા હોય તો Print આપવાથી આપની અરજીની પ્રિન્ટ પણ કાઢિ શકાશે.

## અન્ય અગત્યની સૂચનાઓ

1. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપના તા. ૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવની જોગવાઈ મુજબ શાળામાં પ્રવેશ લેવાની તમામ જવાબદારી વિદ્યાર્થી/વાલીની અંગત રહેશે.
2. આ યોજનાના આખરી મેરીટમાં સમાવેશ થયેલ વિદ્યાર્થીઓએ જે તે શાળામાં પ્રવેશ મેળવી તેઓના પ્રવેશની વિગતો અત્રેથી સુચવ્યા મુજબ ઓનલાઇન પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.
3. નિયામકશ્રી શાળાઓ દ્વારા દર્શાવેલ નિયત ધારાધોરણ મુજબ પસંદ કરેલ સ્વ નિર્ભર શાળાઓ અથવા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.
4. **વિદ્યાર્થી જે અનુદાનિત શાળામાં ધોરણ – ૫ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરી કોમન એન્ટ્રેસ્ટ ટેસ્ટમાં મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ મેળવવાપાત્ર ઠર્યા હોય અને તે પોતાની જૂની અનુદાનિત શાળામાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવવા માંગતા હોય તો તે પ્રવેશ મેળવી ધોરણ-૬ થી ૮નો અભ્યાસક્રમ પૂર્ણ કરી શકશે.**
5. **વિદ્યાર્થી જે સરકારી શાળામાં ધોરણ – ૫ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરી કોમન એન્ટ્રેસ્ટ ટેસ્ટમાં મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ મેળવવાપાત્ર ઠર્યા હોય અને તે પોતાની જૂની સરકારી કે અન્ય સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવવા માંગતા હોય તો તે પ્રવેશ મેળવી ધોરણ-૬ થી ૮નો અભ્યાસક્રમ પૂર્ણ કરી શકશે.**
6. **કોઈપણ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોઅર્ણ ૯ થી ૧૨ નો અભ્યાસ કરી શકશે.**
7. **જે વિદ્યાર્થીઓ ધોરણ-૬માં અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ કોમન એન્ટ્રેસ્ટ ટેસ્ટ આપેલ છે. તેવા વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ મેરિટ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ આ વર્ષ પૂરતું એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ પૂરતું આખરી મેરિટ યાદીમાં સમાવેશ થયેથી ધોરણ-૭ માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરી શકે તે માટે મંજુરી આપવામાં આવે છે. આ જોગવાઈ માત્ર મુખ્યમંત્રી જ્ઞાન સેતુ સ્કોલરશીપ યોજનાનો લાભ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર રહેશે.**

8. આ યોજના અંતર્ગત જો વિદ્યાર્થીનો આખરી મેરીટ યાદીમાં સમાવેશ થાય અને તે ગુજરાત રાજ્યની કોઇપણ સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવેલ હોય તો નીચે મુજબ સ્કોલરશીપની રકમ મળવાપાત્ર થશે.

**ધોરણ ૬ થી ૮ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૫,૦૦૦/-**

**ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૬,૦૦૦/-**

**ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૭,૦૦૦/-**

9. આ યોજના અંતર્ગત જો વિદ્યાર્થીનો આખરી મેરીટ યાદીમાં સમાવેશ થાય અને તે નિયામક શાળાઓની કચેરી દ્વારા પસંદ થયેલ અનુદાનિત શાળાની યાદીમાંની કોઇ શાળામાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવેલ હોય તો નીચે મુજબ સ્કોલરશીપની રકમ મળવાપાત્ર થશે.

**ધોરણ ૬ થી ૮ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૫,૦૦૦/-**

**ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૬,૦૦૦/-**

**ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૭,૦૦૦/-**

10. આ યોજના અંતર્ગત જો વિદ્યાર્થીનો આખરી મેરીટ યાદીમાં સમાવેશ થાય અને તે નિયામક શાળાઓની કચેરી દ્વારા પસંદ થયેલ ખાનગી શાળાની યાદીમાંની કોઇ શાળામાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવેલ હોય તો નીચે મુજબ સ્કોલરશીપની રકમ મળવાપાત્ર થશે.

**ધોરણ ૬ થી ૮ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૨૦,૦૦૦/-**

**ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૨૨,૦૦૦/-**

**ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૨૫,૦૦૦/-**

11. જો કોઇ વિદ્યાર્થી આખરી મેરીટ યાદીમાં આવે અને ધોરણ-૬ માં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ ચાલુ ન રાખે તો આ યોજના અંતર્ગત આગળ લાભ મળવાપાત્ર રહેશે નહિ.

12. આ યોજના ઠરાવની જોગવાઈ ક્રમાંક: ૧૨ **D** મુજબ વિદ્યાર્થીઓની પહેલા સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરીને આધારે પ્રથમ હપ્તાની ૫૦% રકમ વિદ્યાર્થી/વાલીના બેન્ક ખાતામાં **DBT** મારફત જમા કરાવવામાં આવશે.

13. આ યોજના અંતર્ગત નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા વખતોવખત સુચનાઓ મુકવામાં આવશે તથા વિદ્યાર્થીઓને આ બાબતે અવગત કરાવવા માટે તેઓના રજીસ્ટર્ડ

મોબાઇલ નંબર પર **SMS** કરી જાણ કરવામાં આવશે જેથી આ અંગે રજીસ્ટ્રેશન કરતી વખતે આપનો યોગ્ય મોબાઇલ નંબર દર્શાવવાનો રહેશે. જેથી આ બાબતે આગળની કાર્યવાહીથી આપ અવગત રહો તથા સમયાંતરે **http//gssyguj.in** વેબસાઇટ ચકાસતાં રહેશો.